# Bi 121 Old Testament
## પાઠ : ૧૩ યાકુબનું પોતાના ઘેર પાછા ફરવું (ઉત્પત્તિ ૩૧-૩૩)

શું તમે કયારેય તમારા જીવનમાં ખરેખર ડરનો અનુભવ કર્યો છે ? જો હાં, તો આજની વાર્તા દ્વારા યાકુબનાં અનુભવને તમે સમજી શકશો. છેલ્લા પાઠમાં આપણે શીખ્યા કે યાકુબ કનાનમાં પોતાના ઘેર પાછા જવા માટે લાબાનથી છુટકારો પામીને કેવી રીતે ભાગી ગયો. તેણે એ વિચાર્યું નહિ કે તેના આ પગલાથી લાબાન તેની સાથે કેવો વ્યવહાર કરશે ? પરંતુ તેને એક વાતની ખાતરી હતી કે- ઈશ્વરે તેને લાબાનનું ઘર છોડવાને તથા વચનના દેશ કનાનમાં પાછા જવા માટે આજ્ઞા કરી છે.

ત્રણ દિવસ પછી લાબાનને ખબર પડી કે યાકુબ તેની પત્નીઓ તથા તેના પુત્રો સાથે જતો રહયો છે. ત્યારે તેણે પોતાનાં ઘરનાં બધા જ લોકોને એકઠા કર્યા અને યાકુબને શોધવા માટે પ્રયત્નો કર્યા. યાકુબને પકડવા માટે તેમને સાત દિવસ સુધી મુસાફરી કરી. તેઓ બંને મળ્યાં તે પહેલાંની રાત્રીએ ઈશ્વર લાબાન સમક્ષ પ્રગટ થયાં અને તેને આજ્ઞા કરી, "સાવધાન, યાકુબને તું કંઈ ભલુ કે ભુંડુ કરીશ નહિ". બીજા દિવસે લાબાને યાકુબને પકડી પાડયો અને તેને ઠપકો આપ્યો.

"તે મને કેમ છેતર્યો છે ?" તું રાત્રે એક ચોરની માફક નાસી ગયો અને જાણે મારી દિકરીઓ તેમજ પૌત્રો તારાં કેદી હોય તેમ તું તેમને લઈ ગયો. જો તેં મને ફકત કહયું હોત કે મારે જવું છે, તો મેં એક શાનદાર મહેફીલનું આયોજન કય્ હોત. હવે જો તે મને અપમાનિત કર્યો છે તથી મેં તને હમણા જ મારી નાખ્યો હોત. પરંતુ ગત રાત્રીમાં તારા પિતાનાં ઈશ્વરે મને

તેમ કરવાની ના પાડી છે. હું જાણ્ છ કે તને તારા ઘરની યાદ સતાવતી હોય અને તને ઘરે જવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેં મારા કુટુંબની મૂતિઓને શા માટે ચોરી લીધી ?

એ દિવસોમાં જે વ્યકિત કૌટુંબિક મૂર્તિઓને રાખી શકે તે સૌથી મોટો પુત્ર હોય અને આ કૌટુંબિક મૂર્તિઓને લીધે તેને વારસામાં બમણો હિસ્સો મળવાપાત્ર થાય. રાહેલ વિચાર્યુ કે, તે અને યાકુબ આ મૂર્તિઓ રાખવા માટે હકદાર છે. અને તેણે એ મૂર્તિઓ ચોરી લીધી. જો કે તેણે એ મૂર્તિઓનેં પૂજન કરવા માટે ચોરી ન હતી. પરંતુ યાકુબને બમણા હિસ્સાનો ભાગીદાર બનાવવા માટે તેણે પોતાનાં ઉંટના થેલામાં સંતાડી હતી. તેને લાગ્યું કે લાબાનનાં દુર્વ્યવહાર સામે યાકુબ આના માટે લાયક છે.

પરંતુ યાકુબને ખબર નહોતી કે રાહેલ આ મૂર્તિઓ ચોરી હતી. તેણે લાબાનને કહયું, " મેં તારી મૂર્તિઓ ચોરી નથી. તુ પોતે તેની ખાતરી કરી લે. તું જા અને અમારા તંબુઓમાં તપાસ કર. જો તે તને મળે, તો તે ચોરીને માટે જવાબદાર વ્યકિતને હું મારી નાખીશ. "બિચારો યાકુબ, છેવટે તેની પ્રિય પત્નીએ જ તેને દગો દીધો."

લાબાને યાકુબના, લેઆહના તથા તેની બે દાસીઓના બધા જ તંબુઓમાં તપાસ કરી. જયારે તે રાહેલના તંબુમાં પહોંચ્યો ત્યારે રાહલ ઉંટની ઉપર બેઠી હતી કે જયા તેણે મૂર્તિઓને છૂપાવો હતી. "પિતાજી, હું ઉભી નહિ થઈ શકુ માટે મને માફ કરશો; કેમકે સ્ત્રીની રીત પ્રમાણે મને થયુ છે "તેણે લાબાનને કહયું, અને લાબાને તેના તંબુના બાકીના બધાં જ સામાનની તપાસ કરી પરંતુ તેને મૂર્તિઓ મળી નહિ."

આથી યાકુબ ખુબ જ ગુસ્સે થયો. "હું જાણે કે મોટો ગુન્હેગાર હોઉં તેવી રીતે તે મારો પીછો કર્યો છે. મારી પાસે જે કંઈ છે તેની તપાસ તેં કરી છે. શું તેમાંથી તારો કોઈ વસ્તુ મળી છે ? ના, તેમાંથી તને કંઈ મળ્યું નથી. મેં દિવસની સખત ગરમી તથા રાત્રીની ઠંડીને સહન કરી છે. મેં તારા માટે કામ કર્યુ કે જેથી તું સમૃધ્ધ થાય. જો તારા માટે સખત મહેનત કરી છે છતાં ત મારી સાથે દુર્વ્યવહાર કર્યો છે. ત્યાર પછી પણ જો મેં કંઈ ગુમાવ્યું હોય તો તે પણ મે સહન કર્યુ છે. જો કોઈ જંગલી પ્રાણીએ નાના ઘેટાંને મારી નાખતુ હોય તો તે જાણે કે મારુ પોતાનું હોય તેમ મેં તેની કિમત ચૂકવી છે. પરંતુ હવે ઈશ્વર મારી સાથે છે.

"જે કંઈ તું જુએ છે તે બધુ મારં, છે. મારી દિકરીઓ, પૌત્રો તથા પશુધન પણ છે. પરંતુ એ હું શું કરી શકું ? ચાલો આપણે અહિ જે બધા છોએ તેમની સાક્ષીએ એક કરાર કરીએ." લાબાન બબડયો. આથી લોકોએ થોડાં પથ્થર એકઠાં કર્યા અને તેનો એક ઢગલો બનાવ્યા. યાકુબ અને લાબાન એ વાત પર સંમત થયા કે બે માંથી કોઈ પણ આ હદને ઓળંગશે નહિ. લાબાને ઉમેર્યુ, "આ પથ્થરો આપણી વચ્ચે એ વાતના સાક્ષી છે કે તું મારી દિકરીઓની સાથે દુર્વ્યવહાર નહિ કરે તેમ જ બીજી પત્નીઓ પસંદ નહિ કરે." યાકુબ ત્યારપછી દેવની આગળ બલિદાન ચઢાવ્યું અને દરેક સાથે જવા બેઠા. બીજી સવારે લાબાને તેની દિકરીઓ તેમ જ પાત્રો ને ચુંબન કરીને આશીર્વાદ દીધા અને પોતાને ઘેર પાછો વળ્યો.

હવે યાકુબ અને તેના કુટુંબે તેની મુસાફરી ચાલુ રાખી ત્યારે રસ્તામાં તેને ઈશ્વરનો દૂત મળ્યો. તેને લાગ્યું કે હવે તે એકલો નથી. આથી તેણે તે જગ્યાનું નામ પનીએલ એટલે "ઈશ્વર નું સૈન્ય" એમ પાડયુ. તેને ખાતરી થઈ કે જે ઈશ્વર તેને વચન આપ્યું હતુ તે તેને મદદ કરવા હાજર છ. અને તેણે પોતાનાં ભાઈ એસાવને ખબર મોકલી કે, "હું મારા બધા જ રાચ-રચિલા સાથે પાછો આવું છુ ને મને આશા છે કે તું મારો સ્વીકાર કરીશ."

યાકુબનો દૂત પાછો આવ્યો અને તેણે કહયું "એસાવ પોતાના ૪૦૦ માણસો સહિત આવે છે."

આ સાંભળીને યાકુબના મનમાં ખૂબ ગભરાહટ થઈ. તેને લાગ્યું કે તેણે એસાવ સાથે કરેલી છેતરપીંડીનાં બદલામાં હવે તેને સહન કરવ પડશે. આથી યાકુબે પોતાના ઘરનાઓને બે વિભાગમાં વહેંચી દીધા. અને તેણે કહયું કે, "જો એસાવ એક સમૂહ પર હુમલો કરશે તો બીજો સમૂહ બચી જશે.

અંતમાં બહુ જ દુઃખિત થઈને તેણે પ્રાર્થના કરી, "હે ઈબ્રાહિમ તથા ઈસહાકનાં ઈશ્વર, તમ મને મારા ઘેર પાછા ફરવાની આજ્ઞા કરી અને તમે મને કહયું કે હું મારા દેશમાં વૃધ્ધિ પામીશ. તમે જે દયા મારા પર દર્શાવી છે તેને લાયક હુ નથી. હું ફકત મારી લાકડી લઈને મારા દેશમાંથી નીકળ્યો હતો. હવે મારા પાસે બે મોટા સમૂહ થયા છે. તેથી મહેરબાની કરીને તમારા વચનોને યાદ કરો અને મને મારા ભાઈ એસાવથી બચાવો. તમે મને કહયું છે કે હું તારા સંતાનો સમુદ્રની રેતીનાં કણ જેટલા કરીશ કે જેને ગણી શકાય નહિ.

ત્યાર પછી તેણે તેના ભાઈ માટે ભેટો તૈયાર કરી, કે તેમાં ઢોર-ઢાંખરનાં ટોળા, ઘેટાં, ગધેડા, ઉંટો જેવા ૫૦૦ પશુઓ હતા. તેને તેઓએ ત્રણ વિભાગમાં અલગ કર્યા અને તેણે તેમને પોતાની આગળ મોકલ્યા. તેણે પોતાનાં ચાકરોને કહયું, "જયારે એસાવ પહેલા સમૂહ પાસે આવે ત્યારે તેને કહેજો કે યાકુબ તારા ભાઈએ આ ભેટ તારા માટે મોકલાવી છે." આ પ્રમાણે તેણે બીજા અને ત્રીજા સમૂહને પણ કહયું.

તે રાત્રે યાકુબ પોતાનાં કુટુંબ અને બાકીનાં સવને લઈએ નદીની પાર ઉતયા. તે જયારે નદીની આ બાજુ એકલો બાકી રહી ગયો ત્યારે તેણે સુવાનો પયત્ન કર્યો, પરંતુ અચાનક જ એક વ્યકિતએ તેને પકડી લીધો. યાકુબે તેની સાથે યુધ્ધ કર્યું. તે બંને વચ્ચે આખી રાત યુધ્ધ ચાલ્યું અને સવાર થતા અજાણ્યા વ્યકિતને લાગ્યું કે યાકુબ હવે તેને છોડે તેમ નથી. હોશિયા પ્રબોધક તેને વિશે લખતાં જણાવે છે કે, "યાકુબે દૂત સાથે યુધ્ધ કર્યુ અને તેમાં તેણે વિજય મેળવ્યો. તેનું નામ યહોવા છે." (હોશિયા ૧૨-૪). આમ જે વ્યકિત સાથે યાકુબે આખી રાત યુધ્ધ કર્યુ તે તો સર્વશકિતમાન ઈશ્વર હતાં કે જેણે માનવીના રૂપમાં યાકુબની સાથે યુધ્ધ કર્યુ અને તેણે યાકુબની બાજુનાં ભાગ પર પ્રહાર કર્યો અને તેની જાંઘને ચોટ પહોંચાડી, ત્યારે તેણે કહયું કે, " મને હવે જવા દે કેમકે હવે દિવસ ઉગી રહયો છે."

"જયાં સુધી તું મને આશીર્વાદ નહિ આપે, ત્યાં સુધી હું તને નહિ જવા દઉં" યાકુબે જવાબ આપ્યો.

"તારૂ નામ શું છે ?"

"મારૂ નામ યાકુબ છે." તેણે જવાબ આપ્યો.

"હવે થી તારું નામ યાકુબ નહિ કહેવાય પરંતુ "ઈસ્રાએલ"કહેવાશે કેમકે તે ઈશ્વર તથા માનવી સાથે યુધ્ધ કર્યુ છે અને તેમાં તે જીત મેળવી છે." ધાર્મિક વચનો એમ કહે છે કે માનવી નું નામ જયારે બદલવામાં આવ છે તેનો મતલબ એમ થાય છે કે માનવીનાં વર્તનમાં ફેરફાર

થાય છે અથવા તેના ઈશ્વર સાથેનો સંબંધ બદલાય છે.

"મહેરબાની કરીને મને તમારું નામ કહો" યાકુબે આગ્રહ કરીને પૂછયું.

દૂતે કહયું, "તું મારું નામ શા માટ પૂછે છે?" તેણે યાકુબને આશીર્વાદ દીધા અને ત્યાંથી નીકળી ગયા.

યાકુબે તે જગાનું નામ "પનિએલ" રાખ્યુ જેનો અર્થ થાય છે, "ઈશ્વરનું મુખ" તેણે કહયું, "મેં ઈશ્વરને મોઢામોઢ જોયા છે અને છતાંયે હું જીવીત રહયો છું"

બીજા દિવસે જયારે એસાવ યાકુબને મળ્યો ત્યારે તે દોડયો અને તેને ભેટી પડયા. બંને રડયા અને એસાવે પુછયું "તારી સાથે આ જે લોકો છે તેઓ કોણ છે?" જયારે યાકુબે તેનાં કુટુંબ ને એસાવ સાથે ઓળખાણ કરાવી ત્યારે એસાવે કહયું,"આ બધાં ઢોર-ઢાંક તથા ભેંટો ત મને શા માટે મોકલાવી છે?"

"તારી પાસે માફી પામવાને મેં અ કર્યુ છે" યાકુબે ઉત્તર આપ્યો.

તેથી એસાબે એ ભેટો સ્વીકારી અને તે તથા તેનાં માણસો પોતાને ઘેર પાછા ફર્યા. યાકુબ શેખેમ નામનાં શહેર પાસે સ્થાયી થયો. ઈશ્વર કે જે તેનાં જેવા છેતરપીંડી કરનાર માણસને પણ બદલી શકવાને માટે શકિતમાન છે અને યાકુબ નવા નામ સાથે નવો વ્યકિત બની ગયો. તેણ સાક્ષી આપી કે જે ઈશ્વર, ઈબ્રાહિમ તથા ઈસહાકનાં ઈશ્વર છે તે હવે તેનો પણ ઈશ્વર છે, અને તે તેણે પોતાનાં અંગત જીવનનાં અનુભવો દવારા તે જાણી શકયો.

આ વાર્તા એટલા માટે અગત્યની છે કે, જો આપણે ઈશ્વરને સોંપાઈએ અને તેનાં માર્ગોને આપણે અપનાવીએ તો ગમે તેવી પરિસ્થિતીમાં પણ ઈશ્વર આપણો માર્ગદર્શક બને છે અને આપણી બધી જ જરૂરિયાતોને પૂરી પાડે છે.

આ વાર્તાનું સત્ય એ છે કે ઈશ્વર તેનાં લોકોની મુશ્કેલીનાં સમયમાં પણ તેના વચનો પ્રત્યે વિશ્વાસુ રહે છે અને ઈશ્વર તેના બાળકોનાં વિશ્વાસનો બદલો આપે છે.

આ વાર્તાનું પુનરાવતન કરવા માટે નીચેનાં પ્રશ્નોના જવાબ આપો.

પ્ર.૧ યાકુબે લાબાનનાં ઘરને શા માટે છોડયું ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- " ઈશ્વરે તેને ત્યાંથી નીકળી જવાનું કહયું તથા તેને વચનનાં દેશમાં પાછા ફરવાનું કહયું" તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.ર લાબાને યાકુબ ઉપર તેના ઘરમાંથી કઈ વસ્ત ચોરી જવાનો આરોપ મૂકયો ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- "તેની કૌટુંબિક મૂર્તિઓ" તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૩ આખી રાત દૂતની સાથે યુદ્ધ કર્યા પછી યાકુબે શું વિચાર્યુ ?

(જ) (૫ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે,- "મેં ઈશ્વરને મોઢામોઢ જોયા છે અને છતાં પણ હું જીવતો રહયો છુ' તો તમારો ઉત્તર સાચો છે.

પ્ર.૪ વેદીને ચોકકસ નામ આપવા દ્વારા ઈશ્વરના કયા ગુણધર્મને યાકુબ દર્શાવવા માંગ છ ?

(જ) (પ સેકંડ માટે વિચારો) જો તમે કહો છો કે, ''ઈસ્રાએલનાં ઈશ્વર સર્વશકિતમાન છે' તો તમારો ઉત્તર સાચો છે.

તમારા બીજાં મિત્રો કે જેમણે યાકુબના જીવનની આગળની વાર્તા સાંભળી છે (ઉત્પત્તિ ૨૩-૩૦) તેમને આ પશ્ન પૂછો, ''ઈસ્રાએલનાં ઈશ્વર કે જે સર્વશકિતમાન છે'' તેવુ વેદીનું નામકરણ કર્યા પછી યાકુબ શેખેમમાં લોકોની આગળ કયુ સત્ય તથા સાક્ષી રજૂ કરે છે ?'' તેણે કબુલ કર્યુ કે, ઈબ્રાહિમ તથા ઈસહાકનો ઈશ્વર તેનાં પોતાના જ ઈશ્વર છે અને તેણે પોતાનાં જીવનમાં જે અનુભવ કર્યા તેના થકી તેણે એ સત્ય જાણ્યું.

આ અભ્યાસને તમે ત્રણ વખત સાંભળો તે તમારૂ ગૃહકાર્ય છે. તમારા મનથી દરેક પ્રસંગો વિચારો ત્યાર બાદ જે તમને યાદ રહયુ તે તમારા શબ્દોમાં વર્ણવો. આ ઘટનાઓ અને બનાવોને સાચી રીતે બીજાને કહી શકો ત્યાં સુધી બરાબર સાંભળો. લગભગ ૪૫ મિનિટ સુધી આ સાંભળવાનું ચાલુ રાખો. તમે કોઈક વ્યકિતને આ બાબત કહી શકવા માટે બીજા વ્યકિતની તમને જરૂરત પડશે. પુનરાવર્તનનાં પ્રશ્નો તમારા મિત્રોને પુછો અને સાંભળ્યા પછી તેમના જવાબો આપો.